પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૩ | ૧૩ ઓક્ટોબર, ૨૦૨૨, ગુરૂવાર; આસો વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેન-રશિયા યુદ્ધમાં અમેરિકા સૈન્ય નહિ મોકલે

**રશિયા પર અમેરિકાનું નવું વલણ સામે આવ્યું છે, તેની પાછળ પરમાણુ હથિયારોના ઉપયોગનો ખતરો પણ જણાવવામાં આવી રહ્યો છે**



નવી દિલ્હી,તા.૧૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ખૂબ જ ગંભીર તબક્કે પહોંચી ગયું છે. ક્રિમીઆમાં પુલ પર થયેલા હુમલા બાદ પુતિનનો પારો સાતમા આસમાને છે. યુક્રેનની ધરતી પર પુતિનના ગુસ્સા અને બદલાનો બેહિસાબી દારુગોડો વરસી રહ્યો છે. આવી સ્થિતિમાં યુક્રેન અમેરિકા સહિત તમામ યુરોપિયન દેશોને મદદ માટે વિનંતી કરી રહ્યું છે. આ દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધને લઈને અમેરિકા તરફથી મોટું નિવેદન આવ્યું છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તે રશિયા સાથે કોઈ પણ પ્રકારનો સંઘર્ષ નથી ઈચ્છતું. અમેરિકા અત્યાર સુધી રશિયા પર સતત હુમલો કરતું આવ્યું છે, આવી સ્થિતિમાં તે યુક્રેન માટે નજીકના મિત્ર જેવું હતું. જો કે હવે અમેરિકાના નિવેદનથી યુક્રેનને મોટો ઝટકો લાગ્યો છે. અમેરિકા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા યુક્રેનમાં તેના સૈનિકો નહીં મોકલે. વ્હાઈટ હાઉસની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કે અમેરિકા રશિયા સાથે સીધો મુકાબલો ઈચ્છતું નથી. ખરેખર, રશિયાએ

● અનુસંધાન પાન-૭ પર

## રેલવે કર્મચારીઓને દિવાળી ભેટ : ૭૮ દિવસનું બોનસ

**૧૧.૨૭ લાખ કર્મીને લાભ : કેન્દ્રીય કેબિનેટના મોટા નિર્ણયો લેવામાં આવ્યા : ઓઈલ માર્કેટિંગ કંપનીઓને એક જ હપ્તામાં ૨૨,૦૦૦ કરોડની રાહત, મલ્ટી સ્ટેટ કો ઓપરેટિવ સોસાયટીને બદલવા સરકાર નવો કાયદો લવાશે**

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્ર સરકારે આજે કેબિનેટ બેઠક કરીને ૩ મોટા નિર્ણય લીધા છે. દિવાળી પહેલા સરકારે રેલવે કર્મચારીઓને મોટી ભેટ આપી છે. બેઠક પછી સરકારે રેલવે કર્માચારીઓ માટે પીએલઆઈ બોનસની જાહેરાત કરી છે. આ સિવાય સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને એક વખત માટે ૨૨,૦૦૦ કરોડ રૂપિયાની રાહત આપવાની જાહેરાત કરી છે. રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ આપવામાં આવ્યું છે. કેબિનેટના આ નિર્ણયથી કુલ ૧૧.૨૭ લાખ કર્મચારીઓ પર બોનસ તરીકે ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે.




રેલવે કર્મચારીઓ સિવાય સરકારે આજે સરકારી ઓઈલ કંપનીઓને મોટી ભેટ આપી છે. ઘરેલું એલપીજીની કિંમતોમાં વધારાથી ઓઈલ કંપનીઓને ભારે નુકસાન ઉઠાવવું પડતું હતું. આ વાતને ધ્યાનમાં રાખીને સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને એક જ હપ્તામાં ૨૨,૦૦૦ કરોડ રૂપિયાની રાહતની જાહેરાત કરી છે.

જૂન ૨૦૨૦થી જૂન ૨૦૨૨ની વચ્ચે ઈન્ટરનેશનલ બજારમાં એલપીજીની કિંમતોમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. ઓઈલ કંપનીઓ સામાન્ય લોકો પર આ વધારાનો સંપૂર્ણ બોજો નાંખી રહી નહોતી.

અગાઉના સમયગાળામાં ઘરેલું એલપીજીની કિંમતોમાં ૭૨ ટકાનો વધારો થયો છે. ઓઈલ કંપનીઓને થઈ રહેલ નુકસાનની ભરપાઈને જોતા કેન્દ્ર સરકારે તેમને રાહત આપવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે ઓઈલ કંપનીઓએ રૂપિયાની નબળાઈના પગલે પહેલાની સરખામણીમાં વધુ ઈમ્પોર્ટ બિલ ચુકવવું પડી રહ્યું છે. આ વર્ષે રૂપિયાની

● અનુસંધાન પાન-૭ પર

## ગોવા નજીક દરિયામાં મિગ-૨૯કે ક્રેશ

**પાયલટનો બચાવ : ટેક્નિકલ ખામીને કારણે મિગ-૨૯કે ફાઈટર પ્લેન ક્રેશ : પાયલોટ પરિસ્થિતિ જોઈને વિમાનમાંથી બહાર નીકળીને સમુદ્રમાં કૂદી પડ્યો હતો, જેનાથી તેનો જીવ બચી ગયો**

પણજી, તા.૧૨

નેવીનું મિગ૨૯ 'કે' ફાઈટર જેટ ગોવા નજીક દરિયામાં ક્રેશ થયું છે. પ્રાથમિક માહિતી અનુસાર આ દુર્ઘટનામાં ફાઈટર જેટનો પાયલટ બચી ગયો છે. દુર્ઘટના પહેલા, પાયલોટે, પરિસ્થિતિ જોઈને વિમાનમાંથી બહાર નીકળીને સમુદ્રમાં કૂદી પડ્યો હતો, જેનાથી તેનો જીવ બચી ગયો. બાદમાં નેવીએ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન દ્વારા પાયલટને બચાવી લીધો હતો. હાલ પાયલોટની હાલત સ્થિર છે. બોર્ડ ઓફ ઈક્વાયરી (બીઓએલ)ને મિગ૨૯ 'કે' ફાઈટર જેટના ક્રેશ થવા પાછળના કારણો શોધવાનો આદેશ આપ્યો છે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ગોવાના કિનારે નિયમિત ઉડાન દરમિયાન બેઝ પર પરત ફરતી વખતે ટેક્નિકલ ખામીને કારણે મિગ-૨૯કે ફાઈટર પ્લેન સમુદ્રમાં ક્રેશ થયું હતું.



## આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશના પ્રવાસે

**વંદે ભારત એક્સપ્રેસને આપશે લીલી ઝંડી : પ્રધાનમંત્રી IIIT ઉનાને રાષ્ટ્રને સમર્પિત કરશે : ૨૦૧૭માં પ્રધાનમંત્રી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો**

નવી દિલ્હી, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૩મી ઓક્ટોબરે હિમાચલ પ્રદેશની મુલાકાત લેશે. ઉનામાં પ્રધાનમંત્રી ઉના હિમાચલ રેલ્વે સ્ટેશનથી વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. ત્યારબાદ, એક જાહેર સમારંભમાં, પ્રધાનમંત્રી ઉનાને રાષ્ટ્રને સમર્પિત કરશે અને ઉનામાં બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ કરશે. તે પછી, ચંબા ખાતે જાહેર સમારંભમાં, પ્રધાનમંશ્રી બે હાઈડ્રોપાવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે અને હિમાચલ પ્રદેશમાં પ્રધાનમંત્રી ગ્રામ સડકા યોજના (સ્જ્ઞ્રજીરૂ)નું લોકાર્પણ કરશે.

આત્મનિર્ભર ભારત માટે પ્રધાનમંત્રીના સ્પષ્ટ આહવાનથી સરકારની વિવિધ નવી પહેલોના સમર્થન દ્વારા દેશ બહુવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતાની પ્રાપ્તિ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. આવું જ એક મુખ્ય ક્ષેત્ર ફાર્માસ્યુટિકલ્સ છે, અને આ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવા માટે, પ્રધાનમંત્રી ઉના જિલ્લાના હરોલી ખાતે બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ કરશે, જે રૂ. ૧૯૦૦ કરોડથી વધુના ખર્ચે બાંધવામાં આવશે. આ પાર્ક છૈં આયાત પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે. આશરે રૂ. ૧૦,૦૦૦ કરોડ નું રોકાણ આકર્ષવાની અપેક્ષા છે અને ૨૦,૦૦૦થી વધુ લોકોને રોજગાર પ્રદાન કરશે. તે પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે.

પ્રધાનમંત્રી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી () ઉનાને રાષ્ટ્રને સમર્પિત કરશે. ૨૦૧૭માં પ્રધાનમંત્રી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. હાલમાં આ સંસ્થામાં ૫૩૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

પ્રધાનમંત્રી નવી વંદે ભારત એક્સપ્રેસના ઉદઘાટનને પણ લીલી ઝંડી આપશે. અંબ અંદૌરાથી નવી દિલ્હી સુધી દોડતી, તે દેશમાં રજૂ થનારી ચોથી વંદે ભારત ટ્રેન હશે અને તે પહેલાની સરખામણીમાં અદ્યતન સંસ્કરણ છે, જે ઘણી હળવી અને ટૂંકા ગાળામાં વધુ ઝડપે પહોંચવામાં સક્ષમ છે. તે માત્ર ૫૨ સેકન્ડમાં ૧૦૦ કિમી/કલાકની ઝડપ પકડી લે છે. ટ્રેન શરૂ થવાથી પ્રદેશમાં પ્રવાસનને વેગ મળશે અને મુસાફરીનો આરામદાયક અને ઝડપી મોડ પ્રદાન કરવામાં મદદ મળશે.

પ્રધાનમંત્રી બે હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ - ૪૮ મેગાવોટ ચાંજુૈં-હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અને ૩૦ મેગાવોટ દેવથલ ચાંજુ હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે.

## મુકેશ અંબાણી અને ઈલોન મસ્ક વચ્ચે થશે સીધી ટક્કર

**ઈલોન મસ્ક ભારતમાં પોતાની બ્રોડબેન્ડ સેવા શરૂ કરશે તો તેની સીધી ટક્કર ભારતી એરટેલની વન વેબ અને અંબાણી સાથે થશે**

નવી દિલ્હી,તા.૧૧




દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને ટેસ્લા ના વડા ઈલોન મસ્ક વચ્ચે હવે મોટી ટક્કર થાય તેવી શક્યતા છે. મુકેશ અંબાણીની ઈીક્ષ્રૈક્રહષ્ઠી ત્નૈ એ દેશમાં ૫ય સર્વિસ લોન્ચ કરીને સૌથી મોટી માર્કેટમાં છવાઈ જવાનો પ્લાન બનાવ્યો છે. બીજી તરફ ઈલોન મસ્ક પણ પાછળ નથી. ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ ભારતમાં અંતરિક્ષમાંથી બ્રોડબેન્ડ સર્વિસ લોન્ચ કરવા માંગે છે. આ માટે તે સેટેલાઈટ સર્વિસની મંજૂરી મેળવવા ટેલિકોમ વિભાગને અરજી કરશે. ઈલોન મસ્ક ભારતમાં પોતાની બ્રોડબેન્ડ સેવા શરૂ કરશે તો તેની સીધી ટક્કર ભારતી એરટેલની વન વેબ અને અંબાણીની રિલાયન્સ જિયો સાથે થશે. ૨૦૨૫ સુધીમાં ભારતમાં બ્રોડબેન્ડ માર્કેટનું કદ ૧૩ અબજ ડોલર સુધી પહોંચવાની શક્યતા છે. સ્પેસ એક્સએ વન બેવ અને રિલાયન્સ જિયોની સેટેલાઈટ કંપની પછી ત્રીજી કંપની હશે જેને ભારતમાં હાઈ સ્પીડ સ્પેસ ઈન્ટરનેટ સર્વિસ લોન્ચ કરવાની મંજૂરી મળી શકે છે. તેમાં લો અર્થ ઓર્બિટ સેટેસાઈટનો ઉપયોગ કરીને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સર્વિસ આપવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે સ્પેસએક્સ ટૂંક સમયમાં ભારતમાં સેટેલાઈટ બ્રોડબેન્ડ શરૂ કરવા માટે સત્તાવાળાઓ પાસે અરજી કરશે. તે ભારતમાં લેન્ડિંગ રાઈટ્સ અને માર્કેટ એક્સેસની પણ માંગણી કરશે. ઈલોન મસ્ક અત્યારે વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ છે અને તેઓ બ્રોડબેન્ડ કંપનીમાં જંગી રોકાણ કરવાની ક્ષમતા ધરાવે છે. તેઓ ભારતમાં સ્ટારલિંક સર્વિસ માટે મંજૂરી માંગશે. ચાલુ વર્ષની શરૂઆતમાં ભારત સરકારે સ્ટારલિંકને ભારતમાં લાઈસન્સ મળી ન

● અનુસંધાન પાન-૭ પર

## ગાઝિયાબાદમાં બે સમુદાય વચ્ચે ટકરાવમાં ડઝનથી વધુ ઘાયલ

**વાહન હટાવવાની બાબતે મામલો બિચક્યો : બંને પક્ષો વચ્ચે બોલાચાલી અને પથ્થરમારો, એક તરફથી ફાયરિંગનો પણ આરોપ, જોકે, કોઈને ગોળી વાગી નથી**

ગાઝિયાબાદ, તા.૧૨

ગાઝિયાબાદ શહેરને અડીને આવેલા ઈકલા ગામમાં મંગળવારે મોડી સાંજે બે સમુદાયના લોકો વચ્ચે ઉગ્ર લડાઈ, પથ્થરમારો અને ગોળીબાર થયો હતો. આ ઘટનામાં બંને પક્ષના ડઝનેક લોકો ઘાયલ થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે રોડ પર પાર્ક કરેલી કારને લઈને બંને પક્ષો વચ્ચે વિવાદ શરૂ થયો હતો. માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચેલી ગાઝિયાબાદ પોલીસે બંને પક્ષોને શાંત પાડ્યા હતા. અત્યાર સુધી આ કેસમાં એક પક્ષે પોલીસમાં ફરિયાદ આપી છે જ્યારે બીજી બાજુએ આજે ફરિયાદ આપવાની વાત કરી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

પોલીસે જણાવ્યું કે, મામલો મસૂરી પોલીસ સ્ટેશન વિસ્તારના ઈકલા ગામનો છે. મંગળવારની મોડી સાંજે આ ગામમાં રહેતો મોહિત રોડ પર કાર પાર્ક કરીને કોઈની સાથે વાત કરતો હતો. ત્યારે આ સમયે આ ગામનો રહેવાસી મોહસીન તેની કાર લઈને પાછળથી આવ્યો હતો. તેણે મોહિતને આગળ જવા માટે કાર હટાવવા કહ્યું પરંતુ આ બાબતે બંને વચ્ચે ઝઘડો થઈ ગયો હતો ત્યારબાદ બંનેએ પોતપોતાના પક્ષના લોકોને બોલાવ્યા. આરોપ છે કે, બંને પક્ષોના આવવાની સાથે જ ઉગ્ર બોલાચાલી અને પથ્થરમારો થયો હતો. આ દરમિયાન એક તરફથી ફાયરિંગનો પણ આરોપ છે. જોકે, ન તો કોઈને ગોળી વાગી છે અને ન તો પોલીસે ગોળીબારની પુષ્ટિ કરી છે.

## બે આતંકવાદીને ઠાર કરવાની કાર્યવાહીમાં સેનાનો શ્વાન ઘાયલ

**આતંકીઓ સામેની મુકાબલામાં શ્વાનની મહત્વની ભૂમિકા : આ શ્વાનનું નામ ઝૂમ છે, કાર્યવાહી દરમિયાન એક નહીં બે-બે ગોળી વાગી હતી પરંતુ તેમ છતાં તે લડતો રહ્યો હતો**

શ્રીનગર, તા.૧૨

૧૦મી ઓક્ટોબર એટલે કે સોમવારની સવારે દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં



આવેલા તંગપાવાના એક ઘરમાં છુપાયેલા લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓને ઠાર કરવામાં ભારતીય સેનાના જવાનો જ નહીં સેનાના એક શ્વાને પણ મહત્વનું યોગદાન આપ્યું. આ શ્વાનનું નામ ઝૂમ છે. બેલ્જિયન શેફર્ડ આ શ્વાનને કાર્યવાહી દરમિયાન એક નહીં બે-બે ગોળી વાગી હતી પરંતુ તેમ છતાં તેણે હિંમત રાખી અને લડતો રહ્યો. ઉલ્લેખનીય છે કે બન્ને આતંકવાદીઓ પાસે ઘણાં હથિયાર હતા. ઝૂમને શ્રીનગરમાં આવેલી આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની સારવાર ચાલી રહી છે. તબીબોનું કહેવું છે કે ઝૂમની સ્થિતિ ગંભીર છે. નોંધનીય છે કે આ સૈન્ય કાર્યવાહી દરમિયાન બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે અને ભારતીય સેનાના એક સૈનિક ઈજાગ્રસ્ત થયા છે.

ઉલ્લેખનીય છે કે ઝૂમ પાછલા ૧૦ મહિનાથી આર્મીની ૧૫ કોર્પ્સ યુનિટ સાથે જોડાયેલો હતો. ઝૂમની ઉંમર અત્યારે અઢી વર્ષ છે. આર્મી દ્વારા આ જાણકારી જ્યારે શેર કરવામાં આવી તો સોશિયલ મીડિયા પર લોકોએ પોતાની સંવેદના વ્યક્ત કરી.

## રામલીલામાં સ્ટેજ પર ભગવાન શિવની ભૂમિકા ભજવતા કલાકારનું મોત

**આરતી સમયે ભગવાન શંકરનું પાત્ર ભજવી રહેલા રામ પ્રસાદ પાંડે સ્ટેજ પર જ હાર્ટ એટેકના કારણે નીચે પડી ગયા**



જૌનપુર,તા.૧૧

પૂર્વી યુપીના જૌનપુરના મછલીશહરમાં આદર્શ રામલીલા સમિતિમાં ભગવાન શિવ શંકરની ભૂમિકા ભજવી રહેલા રામ પ્રસાદ ઉર્ફે છબ્બન પાંડેનું રામલીલાના મંચન દરમિયાન હાર્ટ એટેકથી અવસાન થયું હતું. ઘટના બાદ રામલીલા મેદાનમાં સન્નાટો છવાઈ ગયો હતો. તેમના મૃત્યુ બાદ રામલીલા મુલતવી રાખવામાં આવી હતી. કલાકારના મૃત્યુ બાદ પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. રામ પ્રસાદ છેલ્લા પાંચ વર્ષથી ભગવાન શિવની ભૂમિકા ભજવી રહ્યા હતા. મછલીશહર કોતવાલી વિસ્તારના બેલાસીન ગામમાં સોમવારે રાત્રે રામલીલાનું આયોજન કરવામાં આવી રહ્યું હતું.

## લુધિયાણામાં ટ્રેનમાં સ્ટંટ કરવા જતા યુવકે જીવ ગુમાવ્યો

**રિલ બનાવનારાઓ માટે ચેતવણી સમાન કિસ્સો : ટ્રેનમાં બહાર લટકીને પોતાના સાહસની ક્ષમતા બતાવવા જતા યુવાન થાંભલા સાથે અથડાયો અને નીચે પટકાયો**

લુધિયાણા, તા.૧૨

સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમોમાં પોતાનું ટેલેન્ટ અને સાહસોના વીડિયો અને રિલ્સ મૂકીને લોકોની વાહવાહી મેળવવાની ફિરાકમાં યુવાનો જીવને પણ જોખમમાં મુકતા ખચકાતા નથી. આવા અવિચારી સાહસોના કારમે ક્યારેક જીવ ગુમાવીને પણ કિંમત ચૂકવવાનો વારો આવે છે. આવી જ એક ઘટના તાજેતરમાં પંજાબના લુધિયાણા ખાતે થઈ. પંજાબના લુધિયાણામાં ટ્રેનમાં સ્ટંટ કરતી વખતે યુવકે જીવ ગુમાવ્યો છે. યુવકનો વીડિયો સામે આવ્યો છે. ચાલતી ટ્રેનમાં બહાર લટકીને પોતાના સાહસની ક્ષમતા બતાવવા જતા યુવાન થાંભલા સાથે અથડાયો અને નીચે પટકાયો હતો. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઉલ્લેખનીય છે કે, આ પહેલી ઘટના નથી.

**LILAPUR MADHYAMIK SHALA**
Bhupat Chakla-Vado, Lilapur, Ta-Daskroi, Ahmedabad-382428
Reg. No. GSEB/G/17/773

**જોઈએ છે શિક્ષક**

હરિઓમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લીલાપુર માધ્યમિક શાળા, લીલાપુર, તા. દસ્ક્રોઈ, જી. અમદાવાદ-૩૮૦૦૬૦. ધો. ૯, ૧૦માં ઈંગ્લિશ અને હિન્દી વિષય ભણાવી શકે તેવા શિક્ષક. અનુભવીને પ્રથમ પસંદગી. પગાર - લાયકાત, અનુભવ પ્રમાણે. અરજી ઉપરના સરનામે અથવા નીચે જણાવેલ Mail-Id પર કરવી.

lilapurschool@gmail.com

સહી/- આચાર્યશ્રી
લીલાપુર માધ્યમિક શાળા